# બોરસદ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

ડૉ. રાજેશ આઈ. ભટ્ટ
પ્રિન્સિપાલ,
સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ, આણંદ (ગુજરાત)

## ૧. પ્રસ્તાવના

જીવન એ સંઘર્ષમય છે. વ્યક્તિને પળે પળે પરીક્ષા થાય છે. ''આત્મ'' તથા ''વિશ્વાસ'' મળીને બનેલા શબ્દ 'આત્મવિશ્વાસ' વ્યક્તિના ભવસાગર પાર કરવા હોડીની ભૂમિકા ભજવે છે. આત્મવિશ્વાસ નિર્માણ માટે કુટુંબ, સમાજ, શાળા, શિક્ષક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વગેરે જેવા પરીબળો અસર કરતા હોય છે.

આત્મવિશ્વાસ વ્યક્તિત્વનો એક ગુણ છે કોઈપણ ક્ષેત્રમાં કાર્યને સંપૂર્ણ યોગ્યતા અને કુશળતા સાથે કરવું તેમજ સફળતાપૂર્વક કરવું એ ગુણ છે. કોઈપણ ક્ષેત્રમાં કાર્યને સંપૂર્ણ યોગ્યતા ધરાવતો હોવા છતાં પણ કાર્યને સંપૂર્ણ રીતે કરી શકતો નથી. સંમતુલિત વ્યક્તિત્વ અને સફળ જીવન જીવવા માટે આત્મવિશ્વાસ હોવો ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓમાં સૌથી વધુ આત્મવિશ્વાસ તેઓ જ્યારે વર્ગમાં પ્રશ્નોનો સાચો ઉત્તર આપે છે તેમજ પરીક્ષાના સમયે ગભરાતા નથી તેમજ આવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં વધુ ગુણ પ્રાપ્ત કરી શિક્ષકો તેમજ પોતાના સહઅધ્યાયી મિત્રોનું સન્માન પ્રાપ્ત કરે છે. તેઓ સામાજિક તથા પારિવારિક પરિસ્થિતિઓમાં સામ્રાજ્ય સ્થાપિત કરે છે. આ પ્રકારે આ વિદ્યાર્થીઓ લોકપ્રિય તેમજ હળીમળીને રહેનાર તથા યોગ્ય પહેરવેશ ધારણ કરનાર હોય છે.

જો વ્યક્તિમાં પોતાના ગુણોનું સાચું મૂલ્યાંકન કરવાની ક્ષમતા હોય તો તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ વધારે હોય છે. આત્મવિશ્વાસને આત્મસંપત્યનો જ એક ગુણ માનવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ નિતિ થઈને વિચારે છે કે હું એ કાર્ય કરી શકું છું તો તે એકાગ્ર ચિત્ત થઈને કાર્ય ધ્યાનપૂર્વક કરવાનો પ્રારંભ કરી દેતો તેવી વ્યક્તિમાં આત્મવિશ્વાસ જાગૃત થાય છે. સમાજમાં આગળ વધવા માટે આત્મવિશ્વાસનું હોવું ખૂબ જ આવશ્યક છે. આત્મવિશ્વાસ અને વ્યક્તિનો એક ગુણ માનવામાં આવે છે. ઓલપોર્ટના મતાનુસાર આત્મવિશ્વાસ જે વાસ્તવિકતાઓમાં હોય છે તે પોતાને સામાજિકરૂપથી કુશળ અને માનસિક રૂપથી સ્વતંત્ર વ્યક્તિ માને છે. આવા પ્રકારના વ્યક્તિઓમાં નેતાગીરી જેવા ગુણ હોય છે. તેમજ તેઓ હકારાત્મક દૃષ્ટિકોણ ધરાવે છે. આનાથી વિરૂદ્ધ તે વ્યક્તિમાં હિન (ખરાબ) ભાવના ઉત્પન્ન થાય તે વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અભાવ જોવા મળે છે. વ્યક્તિ જ્યારે બીજા વ્યક્તિઓથી પોતાને ખરાબ સમજે છે, તો કોઈપણ કાર્યને સંકોચથી કરે છે. પરંતુ જ્યારે વ્યક્તિમાં પોતાના ગુણ શક્તિ યોગ્યતા તથા ક્ષમતા હશે તો તેનામાં આત્મવિશ્વાસ વધારે હશે. સાથે સાથે આજના વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં આ યુગ સાથે કદમ મિલાવીને ચાલવા માટે વ્યક્તિઓને શૈક્ષણિક સિદ્ધિ અને આત્મવિશ્વાસની જરૂર પડે છે. આજે તે જ વ્યક્તિ ઊંચુ સ્થાન પ્રાપ્ત કરે છે જેઓ એ વૈજ્ઞાનિક વિચારધારા અપનાવી છે. ભારત દેશ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના આધારે ઘણી પ્રગતિ કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રીમાન બરાક ઓબામા એ પણ કહ્યું છે કે તથા એ વાતનો સ્વીકાર કરતાં તેઓ કહે છે

શિક્ષણ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારત અમારાથી આગળ છે. વિજ્ઞાનએ શિક્ષણ અને રાષ્ટ્રીય જીવનમાં એક ગતિ (વેગ) પ્રદાન કર્યો છે. વિજ્ઞાન નિતિરૂપથી પ્રગતિની દિશા બતાવે છે. એક સમય હતો જ્યારે ભણવા માટે પુસ્તકો અને લખવા માટે પેન ન હતા અને આજે એકવીસમી સદીમાં વિજ્ઞાનએ એટલી પ્રગતિ કરે છે કે ઘરે બેસીને પણ આખા વિશ્વના પુસ્તકાલયના પુસ્તકો જોઇ શકીએ છીએ ઉપરાંત વાંચી પણ શકાય છે. આથી આપણે કહી શકીએ કે પ્રગતિ મેળવવા માટે આપણા આત્મવિશ્વાસ હોવો ખૂબ જ જરૂરી છે.

આત્મવિશ્વાસ અભિગમ વ્યક્તિની માન્યતા અને વ્યક્તિના વિચારોને આગળ લઈ જવામાં મદદ કરે છે. એવું જોવા મળ્યું છે કે બાળક જ્યારે પોતાને માટે સક્ષમ આત્મવિશ્વાસનું મહત્વ સમજતો થયો છે ત્યારે તે બાળક કે વિદ્યાર્થી ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

પિયુષ કુમાર સિંહ, (૧૯૮૬). એમણે અભિભાવક પ્રોત્સાહન પરિપ્રેક્ષ્યમાં માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કર્યો, તેઓએ વ્યાપવિશ્વ તરીકે આગરા નગરની યુ.પી. બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાઓમાં બે છોકરાઓની શાળાઓ અને બે છોકરીઓની શાળાઓ નો સમાવેશ કરેલ છે. ઉપકરણ તરીકે અગ્રવાલ (૧૯૮૬) દ્વારા નિર્મિત અભિભાવક પ્રોત્સાહન માપની તથા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના માપન માટે અગ્નિ હોત્રી (૧૯૮૬) દ્વારા નિર્મિત આત્મવિશ્વાસ પરીક્ષણ સૂચિનો ઉપયોગ કર્યો હતો. કુમારો અને કન્યાઓ પ્રોત્સાહન વચ્ચે મધ્ય અંતર જોવા મળ્યું નહિ બંનેને અભિવાચકો દ્વારા એક સરખું પ્રોત્સાહન આપવામાં આવે છે. અભિભાવક પ્રોત્સાહનની વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસની સાથે ધનાત્મક પરંતુ સામાન્ય સ્તરનો સહસંબંધ જોવા મળ્યો હતો જેવા તારણો જોવા મળ્યા હતા.

અર્ચના જે. પટેલ, (૨૦૧૨). ઉચ્ચ અને નિમ્ન વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસના હેતુઓ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની મનોવૃત્તિના સ્તરનો અભ્યાસ કરવો, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કરવો, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કરવો તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કરવો જેવા હતા. ઉપકરણ તરીકે સ્વરચિત વૈજ્ઞાનિક મનોવૃત્તિ માપદંડ અને આત્મવિશ્વાસ સંશોધિનીકાનો ઉપયોગ કર્યો હતો. માહિતી એકત્રીકરણ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનના તારણો ઉચ્ચ વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ નિમ્ન વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં ઊંચું જોવા મળે છે તેમજ જાતિ અનુસાર ઉચ્ચ વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓમાં આત્મવિશ્વાસ વધુ જોવા મળે છે.

## ૨. સમસ્યા

‘‘બોરસદ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ’’
“A Study of Self Confidence of Secondary School Students of Borsad Taluka in Relation to Educational Achievement”

## ૩. હેતુઓ

- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ કરવો.

- માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના જાતિના સંદર્ભમાં આત્મવિશ્વાસનો તુલનાત્મક અભ્યાસ કરવો.

## ૪. ઉત્કલ્પનાઓ

$Ho_1$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$: માધ્યમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$: માધ્યમિક શાળાના નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

## ૫. વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં બોરસદ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવેલ, જેમાંથી નમૂનો પસંદ કરવા માટે યાદચ્છિક નમૂના પસંદગીનો ઉપયોગ કરી ધોરણ ૯ ના ૩૦૦ વિદ્યાર્થીઓને, જેમાં ૧૬૭ છોકરાઓ અને ૧૩૩ છોકરીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી.

## ૬. સંશોધન પદ્ધતિ

નમૂના પસંદગી માટે સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ અપનાવવામાં આવી છે.

## ૭. ઉપકરણો

સંશોધન વિષયને ધ્યાનમાં રાખી ઉપકરણની પસંદગી કરવામાં આવી છે.

**આત્મવિશ્વાસ સંશોધિનીકા** - આ સંશોધન માટે આત્મવિશ્વાસ માટેની માહિતી એકત્ર કરવા ડૉ. રેખા ગુપ્તા દ્વારા પ્રમાણિત થયેલ આત્મવિશ્વાસ સંશોધિનીકા કે જેમાં ૫૬ વિધાનોનો સમાવેશ થયેલ છે. આ સંશોધિનીકાની ટેસ્ટ-રી-ટેસ્ટ વિશ્વસનિયતા ૦.૭૮ અને ૦.૮૮, અર્ધ વિચ્છેદ વિશ્વસનિયતા ૦.૯૧ છે અને પ્રમાણભૂતતા ૦.૮૨ છે. જે પ્રમાણિત થયેલ હોઇ માહિતી એકત્ર કરવા માટે ઉપયોગ કરેલ છે. આ સંશોધિનીમાનું ગુણાંકન જેમાં સૌથી ઓછા પ્રાપ્તાંકો મળશે તેમ આત્મવિશ્વાસનું પ્રમાણ ઊંચું જોવા મળશે અને જેમ વધુ પ્રાપ્તાંકો મળશે તેમ આત્મવિશ્વાસ ઓછો જોવા મળશે.

**શૈક્ષણિક સિદ્ધિ** - જે તે નમૂનામાં આવતા વિદ્યાર્થીએ તેના આગળના શૈક્ષણિક વર્ષમાં એટલે કે ધોરણ ૮ના શાળાકીય વાર્ષિક પરીક્ષાના અંકને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## ૮. માહિતી વિશ્લેષણની પદ્ધતિઓ

આ સંશોધનમાં વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી સંશોધિનિકા દ્વારા અને શૈક્ષણિક સિદ્ધિની માહિતી મેળવી રચેલ ઉત્કલ્પનાઓ અનુસાર તેની

સાર્થકતા કક્ષા નક્કી કરવા અને સંશોધનને વિશ્વસનીય બનાવવા માટે મધ્યક, પ્રમાણવિચલન અને ટી શોધવામાં આવ્યો.

## ૯. ઉત્કલ્પના

$Ho_1$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૧ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના સરાસરીના તફાવતની સાર્થકતા**

| વિદ્યાર્થીઓ | સંખ્યા (N) | સરાસરી (M) | પ્રમાણિત વિચલન (S.D) | $SE_D$ | t | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ | ૧૩૯ | ૨૪.૮૬ | ૭.૪૩ | ૧.૨૫ | ૧.૦૧ | સાર્થક નથી. |
| નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ | ૧૬૧ | ૨૬.૧૨ | ૭.૨૯ | | | |

સારણી ૧માં દર્શાવ્યા મુજબ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું t મૂલ્ય ૧.૦૧ મળેલ છે. જે ૦.૦૫ કક્ષાએ મળતા સારણીના મૂલ્ય કરતાં ઓછું હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

$Ho_2$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૨ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોમાં સરાસરીના તફાવતની સાર્થકતા**

| છોકરાઓ | સંખ્યા (N) | સરાસરી (M) | પ્રમાણિત વિચલન (S.D) | $SE_D$ | t | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ | ૫૮ | ૨૨.૭૯ | ૮.૬૦ | ૧.૩૫ | ૨.૦૪ | સાર્થક છે. |
| નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ | ૧૦૯ | ૨૫.૫૫ | ૬.૯૬ | | | |

સારણી ૨માં દર્શાવ્યા મુજબ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું t મૂલ્ય ૨.૦૪ મળેલ છે. જે ૦.૦૫ કક્ષાએ મળતા સારણીના મૂલ્ય કરતાં વધારે હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓનો આત્મવિશ્વાસ નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓના આત્મવિશ્વાસ કરતાં વધુ જોવા મળે છે.

$Ho_3$: માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૩ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓનાઆત્મવિશ્વાસના પ્રાપ્તાંકોમાં સરાસરીના તફાવતની સાર્થકતા**

| છોકરીઓ | સંખ્યા (N) | સરાસરી (M) | પ્રમાણિત વિચલન (S.D) | $SE_D$ | t | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ | ૮૧ | ૨૬.૧૬ | ૮.૨૭ | ૧.૪૩ | ૦.૮૧ | સાર્થક નથી. |
| નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ | ૫૨ | ૨૭.૩૨ | ૮.૦૯ | | | |

સારણી ૩માં દર્શાવ્યા મુજબ માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું t મૂલ્ય ૦.૮૧ મળેલ છે. જે ૦.૦૫ કક્ષાએ મળતા સારણીના મૂલ્ય કરતાં ઓછું હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

$Ho_4$: માધ્યમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૪ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોમાં સરાસરીના તફાવતની સાર્થકતા**

| ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ | સંખ્યા (N) | સરાસરી (M) | પ્રમાણિત વિચલન (S.D) | $SE_D$ | t | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૫૮ | ૨૨.૭૯ | ૮.૬૦ | ૧.૪૭ | ૨.૨૯ | સાર્થક છે. |
| છોકરીઓ | ૮૧ | ૨૬.૧૬ | ૮.૨૯ | | | |

સારણી ૪માં દર્શાવ્યા મુજબ માધ્યમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું t મૂલ્ય ૨.૨૯ મળેલ છે. જે ૦.૦૫ કક્ષાએ મળતા સારણીના મૂલ્ય કરતાં વધારે હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓમાં આત્મવિશ્વાસ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસ કરતાં વધુ જોવા મળે છે.

$Ho_5$: માધ્યમિક શાળાના નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સારણી ૫ માધ્યમિક શાળાના નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોમાં સરાસરીના તફાવતની સાર્થકતા**

| નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ | સંખ્યા (N) | સરાસરી (M) | પ્રમાણિત વિચલન (S.D) | $SE_D$ | t | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૧૦૯ | ૨૫.૫૫ | ૫.૧૬ | ૧.૪૭ | ૧.૨૦ | સાર્થક નથી. |
| છોકરીઓ | ૫૨ | ૨૭.૩૨ | ૯.૯૯ | | | |

સારણી ૫માં દર્શાવ્યા મુજબ માધ્યમિક શાળાના નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતાનું t મૂલ્ય ૧.૨૦ મળેલ છે. જે ૦.૦૫ કક્ષાએ મળતા

સારણીના મૂલ્ય કરતાં ઓછું હોવાથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓના આત્મવિશ્વાસના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

## ૧૦. તારણો

- ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું પ્રમાણ સમાન જોવા મળે છે.
- નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ કરતા ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓમાં આત્મવિશ્વાસનું પ્રમાણ વધારે જોવા મળે છે.
- ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓના આત્મવિશ્વાસનું પ્રમાણ સમાન જોવા મળે છે.
- ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓ કરતા ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓમાં આત્મવિશ્વાસનું પ્રમાણ વધારે જોવા મળે છે.
- નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી છોકરીઓમાં આત્મવિશ્વાસનું પ્રમાણ સમાન જોવા મળે છે.

## ૧૧. ઉપસંહાર

શાળામાં નવું સત્ર શરૂ થાય ત્યારે જ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ આધારે તેમનો આત્મવિશ્વાસ જાણી લેવો જોઇએ અને તેને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. શાળામાં આવા વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી વર્ગ વ્યવસ્થા કરી વર્ગોમાં ચર્ચા કરવી જોઇએ. જેથી યોગ્ય શૈક્ષણિક સિદ્ધિ  પ્રાપ્ત કરી શકે. વિદ્યાર્થીઓને યોગ્ય ધ્યેય સુધી પહોંચાડવા માટે તેમનામાં આત્મવિશ્વાસ વધારવા માટે પ્રયત્નો કરવા જોઇદએ. ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને જો સહયોગાત્મક અધ્યયન દ્વારા કાર્ય કરાવવામાં આવે તો તેમનો આત્મવિશ્વાસ વધારી શકાય. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાય તે માટે શાળામાં દરરોજ મન અને બુદ્ધિને શુદ્ધ કરવા યોગ અને પ્રાર્થનાના કાર્યક્રમો શાળાના શરૂઆતના સમયમાં રાખવા જરૂરી છે તેમજ કુટુંબમાં અને શાળામાં બધાજ સભ્યોનું હકારાત્મક વલણ હોવું જોઇએ. આની સાથે વિદ્યાર્થીઓએ સારા મિત્રોનો સંગ કરવો જોઇએ જેનાથી આત્મવિશ્વાસ કેળવાતા જીવનને યોગ્ય દિશા મળે. હંમેશાં હકારાત્મક વિચારો સાથે જીવન જીવવાનો આગ્રહ રાખવો જેથી આત્મવિશ્વાસનું પ્રમાણ વધશે.

## સંદર્ભ

૧. આચાર્ય, એમ. (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. દેસાઇ, એચ. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૩. પટેલ, અર્ચના જે. (૨૦૧૨). ઉચ્ચ અને નિમ્ન વૈજ્ઞાનિક મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ. સરદાર પટેલ યુનિવર્સિટી.
૪. પટેલ આર. એસ., (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, જય પબ્લિકેશન, અમદાવાદ:
૫. પારેખ, બી. યુ. તથા અન્ય. (૨૦૧૦). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૬. સિંહ, પિયુષ કુમાર (૧૯૮૬). અભિભાવક પ્રોત્સાહન પરિપ્રેક્ષ્યમાં માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસનો અભ્યાસ, ડી.ઇ.આઇ.ડીમ્ડ વિશ્વ વિદ્યાલય દયાલબાગ, આગરા.